ત્વરિત જાહેરાત માટે

# સિટી ઓફ્ બ્રૅમ્પટન તમામ વયના સાહસિકોને સ્ટાર્ટર કંપની પ્લસ અને સમર કંપની પ્રોગ્રામ્સ માટે મદદ પ્રદાન કરશે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (11 ફેબ્રુઆરી 2021) – સીટી ઓફ્ બ્રૅમ્પટન હવે સ્ટાર્ટર કંપની પ્લસ અને સમર કંપની તરીકે ઓળખાતા બે સાહસિક તાલીમ અને નીધિયન તકો માટે અરજીઓ અવીકારે છે.

બ્રૅમ્પટનના નાના નાના વ્યાપારો માઅટે જ્યારે આ ઝડપથી પરિવર્તન પામતો સમય છે ત્યારે સીટી ઓફ્ બ્રૅમ્પટન સાહસિકોને ટેકો આપવા માટે સંસાધનો પ્રદાન કરવાનું ચાલુ રાખે છે. આ બે પ્રોગ્રામ્સ બ્રૅમ્પટન આંત્રપ્રુન્યોર સેંટર (BEC) મારફતે થઈ રહ્યા છે જેથી સાહસિકોને પોતાના વ્યાપારો શરૂ કરવામાં કે વિકસાવવામાં મદદરૂપ થઈ શકાય. ઓન્ટારિયો મિનિસ્ટ્રી ઓફ્ ઈકોનોમિક ડેવેલપમેન્ટ, જોબ ક્રિએશન એન્ડ ટ્રેડ દ્વારા આનું ભંડોળ પૂરું પડાશે.

**સ્ટાર્ટર કંપની પ્લસ પ્રોગ્રામ**

પ્રોવિન્સ ઓફ્ ઓન્ટારિયોની ભાગીદારીમાં BEC એવા લોકોને મદદરૂપ થવાનું મહત્ત્વ સમજે છે જેમની પાસે નવો કે પ્રવર્તમાન બિઝનેસ આઈડિયા હોય. સ્ટાર્ટર કંપની પ્લસ પ્રોગ્રામ લાયક ઉમેદવારો કોઈ નાનો વ્યાપાર શરૂ કરી શકે, તેને વિસ્તારી શકે અથવા ખરીદી શકે તે માટે મફત તાલીમ, મફત માર્ગદર્શન અને $5,000 સુધીની તકો પૂરી પાડશે. સ્થાનિક આર્થિક વિકાસની જરૂરિયાતોને સંબોધિત કરવી અને ઉચિત હોય ત્યાં વિશિષ્ટ ઉદ્યોગો અને સેક્ટરો પર ધ્યાન કેન્દ્રિત કરવું તે આ પ્રોગ્રામનું લક્ષ્ય છે.

બ્રૅમ્પટન ખાતે સ્ટાર્ટર કંપની પ્લસ પ્રોગ્રામ માટે અરજી કરવા માટે તમારે પોતાને સહભાગી થવાની લાયકાતનું સમર્થન કરવાનું રહેશે અને મરજીયાત માહિતી સત્રમાં હાજરી આપવાની રહેશે. માહિતી સત્રમાં તમારી હાજરી તે પ્રોગ્રામમાં સ્વીકારાશો અથવા તો પ્રોગ્રામ અનુદાન પ્રાપ્ત થશે એવી કોઈ બાંયધરી આપતી નથી.

રસ ધરાવતા પક્ષો મરજીયાત માહિતી સત્ર માટે નામ નીચે મુજબ નોંધાવી શકે છે:

- ફેબ્રુઆરી 18, સવારે 10 થી 11
- ફેબ્રુઆરી 18, સાંજે 6 – 7
- ફેબ્રુઆરી 23, સવારે 10 થી 11
- ફેબ્રુઆરી 23, સાંજે 6 – 7

પ્રોગ્રામ વિશે વધુ જાણકારી મેળવવા અને લાયકાત નિર્ધારિત કરવા માટે www.brampton.ca/bec ની મુલાકાત લો.

**સમર કંપની પ્રોગ્રામ**

ઓન્ટારિયો સરકારની ભાગીદારીમાં BEC ઓન્ટારિયોના 15 થી 29 વયીન વિદ્યાર્થીઓને વ્યાપાર શરૂ કરવા અને ચલાવવા માટે મદદ કરે છે. આખા ઉનાળા દરમિયાન વિદ્યાર્થીઓ સોશ્યલ મિડિયા પર પ્રભૂત્વ મેળવવું, માર્કેટિંગ અને સેલ્સ, બિઝનેસના જોખમને સંચાલિત કરવું અને નેટવર્કિંગ જેવા વિષયો આવરી લેતી તાલીમમાં ભાગ લેશે.

અરજી આપવાની અંતિમ તારીખ 19 એપ્રિલ 2021 છે. થનગનતા યુવા સાહસિકોને અરજી પ્રક્રિયા વિશે વધુ જાણકારી મેળવવા માટે BEC નો સંપર્ક કરવા આહ્વાન આપવામાં આવે છે. પ્રોગ્રામ વર્ચ્યુઅલી મે થી ઑગસ્ટ 2021 સુધી આપવામાં આવશે.

રસ ધરાવતા પક્ષો મરજીયાત માહિતી સત્ર માટે નામ નીચે મુજબ નોંધાવી શકે છે:

- માર્ચ 25, સાંજે 3:30 થી 4:30

વધુ માહિતી માટે www.brampton.ca/becની મુલાકાત લો.

**બ્રૅમ્પટન આંત્રપ્રુન્યોર સેંટર વિષયક**

બ્રૅમ્પટન આંત્રપ્રુન્યોર સેંટર સીટી ઓફ઼ બ્રૅમ્પટનના પ્લાનિંગ, બિલ્ડિંગ એન્ડ ઇકોનોમિક ડેવેલપમેન્ટ વિભાગનો ભાગ છે. BEC સ્થાનિક અર્થતંત્રના સ્થાયીપણા અને વિકાસ જે તે કાળજીપૂર્વક કરેલ તૈયારી, શરૂઆત અને લાંબા ગાળા સુધી તમામ સેક્ટરોના લઘુ તેમજ અતિ લઘુ વ્યાપારોના ટકાઉપણાને પ્રોત્સાહિત કરીને તેના પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

**બ્રૅમ્પટનનાં અર્થતંત્રને પુનર્જીવીત કરવાના વ્યુહ વિષયક**

2020માં બ્રૅમ્પટન કાઉન્સિલે અર્થતંત્રને પુનર્જીવન આપવા માટેના વ્યુહને સિટી માટેના માળખા તરીકે અનુમોદન આપ્યું જેથી સ્થાનિક અર્થતંત્રને પુનઃ શરૂ કરીને આગળ વધી શકાય. બ્રૅમ્પટનનાં અર્થતંત્રને પુનર્જીવીત કરવાનો વ્યુહ ચાર સ્તંભો તરીકે ગોઠવાયેલ છે: *ઇનોવેશન, ટેક્નોલોજી અને આંત્રપ્રુન્યોરશીપ,* જેમાં સામેલ છે બ્રૅમ્પટન આંત્રપ્રુન્યોર સેંટરની રજૂઆતો જેથી સાહસિકો અને નાના વ્યાપારોને વધુ સારી રીતે મદદરૂપ થઈ શકાય; *કલા, સંસ્કૃતિ અને ટુરિઝ્મ;* તેમજ *ઇન્ફ્રાસ્ટ્રક્ચર.*. વધુ જાણવા માટે અહીં ક્લિક કરો.

**સુવાક્યો**

"બ્રૅમ્પટન એક તકોથી ભરેલું શહેર છે, અને આપણા સમાજની સુખાકારી માટે સ્થાનિક વ્યાપારો અનિવાર્ય છે. આપણાં નિવાસીઓની અભૂતપૂર્વ મુશ્કેલીના સમયમાં, અમે હાલના અને ઉભરતા સ્થાનિક સાહસિકોના શમણાઓને આગળ વધારવા માટે પ્રતિબદ્ધ છીએ. રૂચિ ધરાવતા બ્રૅમ્પટનવાસીઓને હું આ સ્ટાર્ટર કંપની પ્લસ અને સમર કંપની પ્રોગ્રામનો લાભ લેવા પ્રોત્સાહિત કરું છું જે આપનાં બ્રૅમ્પટન આંત્રપ્રુન્યોર સેંટર દ્વારા રજૂ થયા છે."

- *પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ઼ બ્રૅમ્પટન*

# BRAMPTON

**Media Release**

“બ્રૅમ્પટન આંત્રપ્રુન્યોર સેંટર આણા શહેરના તમામ સેક્ટરોના અતિ નાના અને નાના વ્યાપારોને અમૂલ્ય સેવાઓ અને પ્રોગ્રામ્સ પૂરા પાડે છે. બ્રૅમ્પટનમાં શરૂ કરવામાં, વધારવામાં કે ધંધો ખરીદવામાં રૂચિ રાખનારાને સ્ટાર્ટર કંપની પ્લસ પ્રોગ્રામ માટેના માહિતી સત્રમાં હાજરી આપવાનું આમંત્રણ છે અને સાથે જ થનગનતા ભણી રહેલા સાહસિકોને સમર કંપની પ્રોગ્રામમાં અરજી કરવા આહ્વાન કરીએ છીએ જે બન્ને BEC દ્વારા રજૂ કરવામાં આવ્યા છે. આપ આપણા શહેરનું ભવિષ્ય છો અને અમે આપને મદદ કરવા તત્પર છીએ."

- *માર્ટિન મેડિરોસ (Martin Medeiros), રીજનલ કાઉન્સિલર, વૉર્ડ 3 & 4; પ્રમુખ, ઈકોનોમિક ડેવેલપમેન્ટ એન્ડ કલ્ચર: સીટી ઓફ બ્રૅમ્પ્ટન.*

"આપના સમાજની એકંદર સુખાકારી માટે સ્થાનિક વ્યવસાયો અને સાહસિકો અતિમહત્ત્વપૂર્ણ છે.  શહેરમાં COVID-19 ઈકોનોમિક સપોર્ટ ટાસ્ક ફોર્સ રોગચાળો શરૂ થતા જ પ્રસ્થાપિત થયો હતો અને ત્યારથી અત્યાર સુધીમાં આર્થિક પુનર્જીવન વ્યુહ પ્રસ્થાપિત કરી ચૂક્યો છે જે આપણા સાહસિકો અને વ્યવસાયો અહીં બ્રૅમ્પટન ખાતે વિકસે તે માટે તેમને મદદ અને સંસાધનો પૂરા પાડવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે."

- *પૉલ વિસેન્ટ, રીજનલ કાઉન્સિલર, વૉર્ડ 1 & 5; ઉપ પ્રમુખ, ઈકોનોમિક ડેવેલપમેન્ટ એન્ડ કલ્ચર: સીટી ઓફ બ્રૅમ્પ્ટન.*

"સિટીનો સ્ટાફ ટર્મ ઓફ કાઉન્સિલ અગ્રિમતા કે *બ્રૅમ્પટન તકોનું શહેર છે* તેને આગળ ધપાવવા પ્રતિબદ્ધ છે, અને તેમ કરવાના અનેક માર્ગો પૈકી એક એક એટલે આપણા બ્રૅમ્પટન આંત્રપ્રુન્યોર સેંટર દ્વારા રજૂ થયેલ પ્રોગ્રામ્સ. યુવાનો અને સાહસિકો આપણા સ્થાનિક અર્થતંત્રને આગળ ધપાવવા માટે ચાવીરૂપ છે અને અમને ઊભા થતા સ્ટાર્ટર કંપની પ્લસ અને સમર કંપની પ્રોગ્રામ્સ મારફત તેમને ટેકો આપવાનું ગૌરવ છે."

- *ડેવિડ બારિક, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર (David Barrick, Chief Administrative Officer), સિટી ઓફ બ્રૅમ્પટન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપથી વિકાસ પામતા શહેરો પૈકી એક હોવા સાથે બ્રૅમ્પટન 6,50,000 લોકોનું ઘર છે અને તેમાં 70,000 વ્યાપારો છે.** અમે જે કરીએ છીએ તેનું હાર્દ લોકો છે. અમને અમારા વૈવિધ્યસભર સમુદાયોથી જોમ મળે છે, અમે નિવેશ આકર્ષીએ છીએ અને અમે એવા પ્રવાસનો આરંભ કરી રહ્યા છીએ જે ટેકનોલોજિકલ અને પર્યાવરણીય ઈનોવેશન તરફ દોરી જાય છે. અમે પ્રગતિની ભાગીદારી એક સ્વાસ્થ્યપ્રદ શહેર બનાવવા કરીએ છીએ જે સલામત હોય, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.


**મિડિયા સંપર્ક**

ગુરવિંદર સિંઘ

સંકલનકર્તા, મિડિયા એન્ડ કમ્યુનિટી ઍંગેજમેન્ટ

સ્ટ્રેટેજિક કમ્યુનિકેશન્સ

સિટી ઓફ બ્રૅમ્પટન

905-874-2028 | Gurvinder.A.Singh@brampton.ca